BUSINESS મિત્ર

વૈશ્વિક મંદી વચ્ચે ભારતીય શેરબજારે મારી છલાંગ, સેન્સેક્સ 81000ને પાર

અમેરિકા અને એશિયન બજારોમાં કડાકો બોલાવા છતાં FIIની લેવાલીથી સેન્સેક્સ 1718.01 પોઇન્ટ ઉછળ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 5: અમેરિકાના મધ્યસત્ર ચુંટણીના પરિણામો બાદ ગઇકાલે અમેરિકાના બજારોમાં ભારે કડાકો બોલાયો હતો. ખાસ કરીને એઆઇ સંબંધિત શેરોમાં કડાકો બોલાઇ જવાના કારણે આજે એશિયન બજારોમાં જોરદાર વેચવાલી હાવી રહી હતી. વૈશ્વિક બજારોમાં ખાનાખરાબી વચ્ચે ભારતીય શેરબજારમાં સુંદર પ્રદર્શન ચાલુ રહ્યું હતું અને આજે સેન્સેક્સે 81000 અને નિફ્ટીએ 25000 પોઇન્ટની સપાટી કુદાવી દીધી હતી. જ્યારે બેન્ક નિફ્ટીએ પણ 59000 પોઇન્ટની સપાટી વટાવી દીધી હતી. એઆઇ સંબંધિત શેરોમાં કડાકાભડાકાની વચ્ચે એફઆઇઆઇનું આજે પણ ભારતીય શેરબજારમાં લેવાલી જોવા મળી હતી. શરૂઆતમાં વૈશ્વિક બજારોની પાછળ ભારતીય શેરબજાર લાલ નિશાનમાં ખુલ્યું હતું, પરંતુ શરૂઆતી મિનિટોમાં જ ખરીદી ચાલુ થઇ જતાં શેરબજાર પોઝિટિવ આવ્યું હતું અને છેલ્લે દિવસના ઉપલા સ્તરે બંધ રહ્યું હતું. જોકે, બ્રોડર માર્કેટમાં ધીમો સુધારો રહ્યો હતો.

સેક્ટર વાઇઝ જોઇએ તો પ્રાઇવેટ બેન્ક શેરોમાં તેજીનો પવન ફુંકાયો હતો, જેને ફાર્મા શેરોએ પણ ટેકો આપ્યો હતો. પીએસયુ બેન્કમાં પણ ધીમો સુધારો જોવાયો હતો. ઓટો શેરોમાં તેજી આગળ વધી હતી. આઇટી શેરો શરૂઆતમાં ગેપ અપ ઓપનીંગ કર્યા બાદ નફાવસુલીએ નજીવા સુધારા સાથે બંધ રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, લાર્જકેપ્સના આકર્ષક વેલ્યુએશનના કારણે રોકાણકારો ખરીદી કરતા જોવા મળ્યા હતા.

બીએસઇ સેન્સેક્સ 1718.01 પોઇન્ટ એટલે કે 2.17 ટકા ઉછળીને 81028.02 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 81028 પોઇન્ટના ઉપલા સ્તરે બંધ રહ્યા હતા, જ્યારે નીચામાં 79016 પોઇન્ટ સુધી ઘટ્યો હતો.

ડોલર ધડામ, રૂપિયો 94ની નીચે

ફોરેક્સ બજાર	
ડોલર	93.91 રૂ.
યુરો	105.51 રૂ.
પાઉન્ડ	125.21 રૂ.
યેન	0.5933 રૂ.

ક્રુડ ઓઇલના ભાવ ઘટીને 100 ડોલરની નીચે ઉતરી ગયા છે, અને બોન્ડ યીલ્ડ પણ નીચા રહેતા આજે રૂપિયામાં મજબૂતાઇ આગળ વધી હતી અને રૂપિયો રૂ. 57 પૈસા ઉછળીને 94ની નીચે સરકી ગયો હતો અને 93.91ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.48ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 105.51, પાઉન્ડ 125.21, કેનેડિયન ડોલર 66.60, ઓસ્ટ્રેલિયન ડોલર 64.79, જાપાનીઝ યેન 0.5934 અને સીંગાપોર ડલર 73.36ના સ્તરે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	1718.01	81028.02
નિફ્ટી	493.75	25030.35
બેન્ક નિફ્ટી	1312.35	59086.00

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
મહિન્દ્રા-મહિન્દ્રા	5.11	3287.20
ICICI બેન્ક	4.75	1571.20
HDFC લાઇફ	3.95	565.30
એચડીએફસી બેન્ક	3.72	788.25
ટાઇટન કંપની	3.42	5000.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટીએમપીવી	0.58	292.00
આઇશર મોટર	0.56	7669.50
પાવરગ્રીડ	0.48	259.90
શ્રીરામ ફાઇનાન્સ	0.30	961.15
ગ્રાસીમ ઇન્ડ.	0.02	3227.00

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
મહિન્દ્રા-મહિન્દ્રા	6.15	3295.00
ICICI બેન્ક	4.65	1569.00
HDFC બેન્ક	3.56	787.00
ટાઇટન કંપની	3.36	4994.00
એક્સીસ બેન્ક	3.19	1320.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
પાવરગ્રીડ	0.57	259.50

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂા.	૭૫/૩૬ ''	૧૫૪	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૪.૫	૫૦/૩૬ ''	૧૬૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
૩૦/૩૬ એફડી	૩૧૧.૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૭૭	ગાર્ડન	
લોકલ		RIL રિલાયન્સ		૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૭
૬૮/૩૬	૧૭૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૭૨.૨૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૧૦૦ ટેક્ષ	૧૬૫.૫	૬૮ ક્રિમ્પ	૧૬૮.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨.૪	વેલનોન (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૩.૫	૮૦/૭૨ રોટો	૧૭૨.૫	૭૫ ક્રિમ્પ	૧૬૫.૩૭
૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૧	૮૦/૭૨ ફોલ્ડર	૧૭૭.૫	૮૦ ક્રિમ્પ	૧૬૫.૫
૮૦/૭૨ રોટો.	૧૬૫	૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫	૮૦/૭૨ રોટો	૧૬૭.૫
૮૦/૩૬ રોટો.	૧૬૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૫૮	૮૦/૧૦૮ ''	૧૭૦	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૬૭.૫

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૫૭૦૦
એમ-30	૫૬૦૦
એસ-30	૫૫૦૦
ગુજરાત	
એમ-30	૫૫૦૦
એસ-30	૫૪૦૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૫૬૭૦
તેજાબી સોનું	૧૪૫૫૮૦
દાગીના-૨૨ કેરેટ	૧૩૮૩૯૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૨૭૬૦
સોનાનાં બિસ્કીટ	૧૪૫૬૭૦૦
ચાંદી (૯૯૯)	૧૮૯૦૦૦
ચાંદી સિક્કા	૧૯૦૫૦૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

વિદેશી મિલ્કત ભૂલથી રીટર્નમાં બતાવવાની રહી ગઇ હોય તો ?

ટેક્સ ટ્વિટર — વિરેશ રૂદલાલ

બ્લેક મની એક્ટ 2015 ની કલમ-42 અને 43 અંતર્ગત ભારતીય રહીશે પોતાના ઈન્કમટેક્ષ રીટર્નમાં FA કોલમમાં આવી વિદેશી સંપત્તિ જેવી કે વિદેશમાં બેંક ખાતા, ભારત બહાર શેર્સ, સ્ટોક, મ્યુ. ફંડમાં રોકાણ, સ્થાવર મિલ્કતો જણાવવી પડશે. આવી તમામ મિલ્કતો ખરીદીના વર્ષમાં અને ધારણ કરેલ પછીના વર્ષમાં દર્શાવવી જરૂરી છે. ઈન્કમટેક્ષ રીટર્ન ફોર્મ નં.1 અને 4 માં આ અંગેની કોલમ નહિ હોવાથી આ રીટર્ન ભરી શકાશે નહિ. તમરી ધંધાકિય આવક હોય તો ITR-3 અથવા અન્ય આવક હોય તો ITR-2 ભરવું પડશે.

બિન રહીશો એ જાહેર કરવાની છે?

બિન રહીશો (Non-Resident) અને રહીશ પણ સામાન્ય રહીશ નહિ (R but Not OR)એ આવી મિલ્કત જાહેર કરવાની નથી કારણ કે તેમની ભારત બહારની આવક આવકવેરા કાયદા અન્વયે ભારતમાં કરપાત્ર નથ.

વિદેશી સંપત્તિ ભારતીય રહીશ (Resident) વ્યકિતઓએ રીટર્નમાં જાહેર કરવાની છે. ભારતીય રહીશની વ્યાખ્યા મુજબ જે તે નાણાંકિય વર્ષમાં ભારતમાં 182 દિવસ કે તેથી વધારાનો વસવાટ ધરાવતા હોય.

અથવા જે તે નાણાંકિય વર્ષમાં 60 કે તેથી વધારાનો વસવાટ ધરાવતા હોવા સાથે અગાઉના 4 નાણાંકિય વર્ષમાં 365 દિવસ કે તેથી વધારાનો વસવાટ ધરાવતા હોય તો આમાંની એક પણ શરતને આધિન 'રહીશ'ની વ્યાખ્યામાં આવી શકાય.

જાહેર નહિ કરવા માટે દંડ

બ્લેક મની કાયદાની આ કલમ હેઠળ આવી વિદેશી સંપત્તિ જાહેર નહિ કરવા પર 10 લાખનો દંડ લાગુ પડે છે. પરંતુ 1-10-2024 થી રકમ જાહેર કરવા અંગેની મર્યાદા મિલ્કતની કિંમત 20 થી વધુ હોય તેને જ લાગુ પડશે. જંગમ મિલ્કત માટે આ વિશેષ રાહત છે સ્થાવર મિલ્કત માટે નથી.

રીટર્નમાં ભૂલથી દર્શાવવાનું રહી જાય તો ?

કુમાર રમનાથન વિ. ડેપ્યુટી ડાયરેકટર ઓફ ઈન્કમટેક્ષના ચેન્નાઇ ટ્રીબ્યુનલના કેઇસમાં આ ભારતીય રહીશે પોતાના ભારતના મ્યુ. ફંડના વેચાણમાંથી વિદેશી કંપનીમાં રોકામ કરેલું અને મ્યુ.ફંડના વેચાણ ઉપર ટેક્ષ ભરેલો હતો. જે રકમ FEMA કાયદાનું પાલન કરતા LRS સ્કીમ અંતર્ગત વિદેશ મોકલેલ (Remittance) છેવટે વિદેશી રોકાણ વેચતા નથી નુકશાની રીટર્નમાં બતાવી દીધી હતી પરંતુ ભૂલથી આ વિદેશી રોકાણ રીટર્નની કોલમ FAમાં બતાવવાનું રહી ગયું હતું. જેને ક્ષમ્ય (Technical) અપરાધ ગણીને 10 લાખ રૂપિયાની પેનલ્ટી માફ કરી હતી.

બેંચે મુંબઇ સ્પેશિયલ બેંચના વિનિલ વેણૂગોપાલના ચૂકાદા સાથે હૈદરાબાદ તથા ચેન્નાઇ બેંચના ચૂકાદાનો આધાર લીધો હતો કે જેમાં એવું ઠરાવ્યું હતું કે કરદાતા દ્વારા આવી વિદેશી મિલ્કત ભૂલથી બતાવવાની રહી ગઇ હતી. કોઇ ખોટો (Malatide) ઈરાદો ન હતો. અજાણતા થયેલ ભૂલ માફીને પાત્ર છે. હૈદરાબાદ બેંચના ચૂકાદામાં વર્ષો વર્ષ એખ જ રોકાણ બતાવવાનું કોઇક વર્ષમાં ચૂકી જવાયું હતું તા શો કોઝ આપીને શુધ્ધબુધ્ધિપૂર્વકની આવી ભૂલ કે જેમાં અગાઉના વર્ષમાં રોકાણના સ્ત્રોત (SOURCE) નો સંતોષ કારક ખૂલાસો આપેલો હતો.

ખાંડ અને ડ્રાયફ્રૂટ્સ મોંઘા થતાં દિવાળીમાં મીઠાઈના ભાવ 9% વધ્યા

મીઠાઈના ભાવ સરેરાશ 9 ટકા વધુ,ખાંડ 30 ટકા અને તેલ 15 ટકા મોંઘા થયા

તહેવારોની મોસમમાં બોક્સ દીઠ રૂ. 20થી 30નો વધારો

મુંબઈ, તા. 6: ખાંડ, રસોઈનું તેલ, કિસમિસ અને સૂકા મેવા (નટ્સ)ના ભાવ વધવાને કારણે મીઠાઈનો ખર્ચ વધી રહ્યો છે. આ સ્થિતિમાં, તહેવારોની મોસમ દરમિયાન મીઠાઈના ભાવમાં પણ વધારો જોવા અમલી રહ્યો છે. કેટલાંક હલવાઈ કાં તો ભાવ વધારી રહ્યા છે અથવા તો કેટલાંક વધેલો ખર્ચ પોતે જ ભોગવી રહ્યા છે.

ભારતભરની દુકાનો, કચેરીઓ અને ઘરોમાં મીઠાઈના રંગબેરંગી બોક્સનો ઢગલો થઈ રહ્યો છે, દેશ દિવાળીની ઉજવણી કરવાની તૈયારી કરી રહ્યો છે અને મીઠાઈની આપ-લે કરવી એ આ તહેવારની મુખ્ય પરંપરાઓમાંની એક છે.

ખાંડ, જે લગભગ દરેક ભારતીય મીઠાઈનો મુખ્ય ઘટક છે, તેનો ભાવ ગયા વર્ષની સરખામણીમાં સપ્ટેમ્બર મહિનામાં લગભગ 30 ટકા વધારે છે. તળવા માટે વપરાતા રિફાઈન્ડ તેલના ભાવમાં આશરે 15 ટકા, કિસમિસમાં 10 ટકા અને સૂકા મેવા (નટ્સ)માં 9 ટકાનો વધારો થયો છે – જે દેશના એકંદર ફુગાવાના દર કરતાં ઘણો વધારે છે. અઠવાડિયામાં પ્રતિ બોક્સના ભાવમાં રૂ. 20 થઈ 30 નો વધારો થયો છે. અગાઉ કરતા સમાન દરે ઓછી મીઠાઈ મળી રહી છે. આકર્ષક દેખાતી અને મોમાં પાણી લાવતી આ મીઠાઈ ભાવને કારણે આકર્ષક રહી નથી. સત્તાવાર આંકડા મુજબ, સમગ્ર દેશમાં મીઠાઈઓ અને ગળી વસ્તુઓના ભાવમાં 9 ટકાથી વધુનો વધારો (સ્વીટ-ઈન્ફ્લેશન) જોવા મળી રહ્યો છે. ભારત, જે વિશ્વમાં ખાંડનો સૌથી મોટો ઉપભોક્તા અને બીજા ક્રમનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે અને જ્યાં લોકોને મીઠાઈઓ ખૂબ પ્રિય છે, ત્યાં આ સ્થિતિ એક પ્રકારની કટોકટી સમાન છે – અને રાજકારણીઓએ આ બાબતે હસ્તક્ષેપ પણ શરૂ કરી દીધો છે.

સેબીએ કરન્સી ડેરિવેટિવ્ઝ નિયમો હળવા કર્યા, $5 મિલિયનની મર્યાદા નક્કી કરી

મુંબઈ, તા. 6: સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાએ અનહેજ્ડ કરન્સી પોઝિશન માટે $5 મિલિયનની મર્યાદા નક્કી કરીને તેના કરન્સી ડેરિવેટિવ્ઝ નિયમો હળવા કર્યા છે. આનાથી સ્થાનિક રોકાણકારો અને વિદેશી રોકાણકારો માટે ભારતીય નાણાકીય બજારોમાં રોકાણ કરવાનું સરળ બનશે, અને KYC આવશ્યકતાઓ પણ હળવા કરવામાં આવી છે. આ માહિતી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલા પરિપત્રમાં આપવામાં આવી હતી. આ નિર્ણયથી સ્થાનિક રોકાણકારો અને વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોને $5 મિલિયન સુધીની અનહેજ્ડ ભારતીય રૂપિયાની કરન્સી પોઝિશન લઈ શકશે. આ $5 મિલિયન મર્યાદા કોઈપણ સમયે બાકી રહેલા એક્સપોઝર પર પણ લાગુ થશે. આ મર્યાદાની ગણતરી તમામ ભારતીય રૂપિયાની કરન્સી પેર (અન્ય વિદેશી ચલણ)માં કરવામાં આવશે. બધા માન્ય સ્ટોક એક્સચેન્જ પર રાખવામાં આવેલા પોઝિશનને જોડવામાં આવશે.

રૂપિયામાં જોરદાર ઉછાળો, 94ની નીચે સરક્યો

એફઆઇઆઇ પરત ફરતા અને ક્રુડ ઓઇલના ભાવ ઘટતા રૂપિયામાં મજબૂતાઇ

નવી દિલ્હી, તા. 6: છેલ્લા કેટલાક સમયથી રૂપિયામાં ધીમે ધીમે સુધારો જોવા મળી રહ્યો છે, જેમાં ગઇકાલે રૂપિયો 94.50ની નીચે સરકી ગયો હતો, પરંતુ આજે 94ની નીચે સરકી ગયો. જે રૂપિયાનું સુંદર પ્રદર્શન રહ્યું હતું. આજે ડોલરની સામે રૂપિયામાં 57 પૈસાનો મજબૂત ઉછાળો જોવા મળ્યો હતો. જોકે, આજે રૂપિયાની શરૂઆત નબળી રહી હતી, જે 94.50ની ઉપર ખુલ્યો હતો, પરંતુ ધીમે ધીમે રૂપિયો સુધરતો જોવા મળ્યો હતો.

ફોરેક્સ ટ્રેડર્સના જણાવ્યા અનુસાર ક્રુડ ઓઇલના ભાવોમાં રાતોરાત વધારા અને ડોલરની રીકવરીએ રૂપિયા પર દબાણ ઉભું કર્યુ હતું. પરંતુ અમેરિકાની મધ્યસત્ર ચુંટણીના પરિણામો બાદ સ્થિતિ બદલાઇ છે અને ક્રુડ ઓઇલના ભાવ નીચે ઉતરી ગયા છે, તેની સાથે એફઆઇઆઇનું જોરદાર પુનરાગમન થયું હોવાથી રૂપિયામાં મજબૂતાઇ જોવા મળી રહી છે.

ધનતેરસના દિવસે એનએસઇનો શેર વિક્રમી ઉંચાઇએ પહોંચ્યો

એનએસઇની માર્કેટ કેપ 5000 કરોડ ડોલરને પાર

મુંબઇ, તા. 6: ધનતેરસના દિવસે એનએસઇના શેરની કિંમતમાં ઉછાળો આવતા નવી વિક્રમી સપાટીએ પહોંચી ગઇ હતી અને આજે કારોબાર દિવસ બાદ માર્કેટ કેપ 5000 કરોડ ડોલરને પાર કરી ગઇ હતી. સપ્ટેમ્બર કવાર્ટરના ટ્રેડિંગ પરિણામ નબળા હોવા છતાં તેના શેરમાં કવાર્ટરલી ધોરણે વધારો થયો હતો. જે બીએસઇ ખાતે રૂ. 1908.35ના સ્તરે બંધ રહ્યો હતો, જ્યારે ઇન્ટ્રાડેમાં રૂ. 1953.95ના વિક્રમી ઉંચી સપાટીએ પહોંચ્યો હતો.

એનએસઇ 24 સપ્ટેમ્બરના રોજ આઇપીઓ સાથે પ્રવેશ કર્યો હતો, ત્યારે તેઓએ રૂ. 1785ના ભાવે રોકાણકારોને ઓફર કર્યો હતો. જે સંપુર્ણ ઓએફએસ હતો. પરંતુ લિસ્ટીંગ બાદ એનએસઇના શેરની કિંમત દબાણ હેઠળ રહી હતી. આ ઉપરાંત, બીજા કવાર્ટરના પરિણામોમાં ટ્રાન્ઝેકશન એક્ટિવિટી અને નફાકારકતામાં ઘટાડો થયો હતો. વિવિધ સેગમેન્ટના નીચા ટ્રેડિંગ વોલ્યુમની અસર તેના ઓપરેટીંગ પ્રદર્શન પર પડી હતી.

અમેરિકામાં ટ્રમ્પની પાર્ટીના પરાજય બાદ અબજોપતિઓની યાદીમાં ઉથલપાથલ

મસ્કની સંપત્તિમાં રૂ. 7.53 લાખ કરોડનો ઘટાડો

બ્લૂમબર્ગ ઇન્ડેક્સના ટોપ 500 ધનિકોની સંપત્તિમાં એક જ દિવસમાં 185 બિલિયન ડોલરનું ધોવાણ, જેન્સન હુઆંગ ટોપ 10માંથી બહાર

નવી દિલ્હી, તા. 6: અમેરિકામાં મધ્યવર્તી ચુંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પના પરાજય અને ડેમોક્રેટિક પાર્ટીની જંગી જીતથી અબજોપતિઓની સંપત્તિમાં ઉથલપાથલ જોવા મળી છે. બ્લુમબર્ગ બિલિયોનર્સ લિસ્ટમાં મસ્કની સંપત્તિમાં 79.7 બિલિયન એટલે કે રૂ. 7.53 લાખ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે, જ્યારે ઓરેકલના સહસ્થાપક લેરી એલિસનની સંપત્તિમાં 10.1 બિલિયન એટલે કે 95.400 કરોડનો ઘટાડો થયો છે. એટલું જ નહીં, એઆઇના બાદ ટેક જાયન્ટોનું વર્ચસ્વ વધ્યું હતું. આ બ્લુમબર્ગ બિલિયોનર્સ ઈન્ડેક્સમાં સમાવિષ્ટ ટોપ 500 અબજોપતિઓની કુલ સંપત્તિમાં 36 ટકા સુધી હિસ્સો ધરાવતા હતા. એનવીડિયાના સીઇઓ જેન્સન હુઆંગની સંપત્તિમાં 15.1 બિલિયન એટલે કે રૂ. 1.43 લાખ કરોડનો ઘટાયો થયો છે. તેમની સંપત્તિ 150.9 બિલિયન ડોલર થઇ ગઇ છે અને તેઓ બ્લુમબર્ગ બિલિયોનર્સ ઇન્ડેક્સના ટોપ 10ની યાદીમાંથી બહાર નીકળી ગયા છે. જેઓ 9માં સ્થાનેથી 13 સ્થાને આવી ગયા છે. જ્યારે જીમ વોલ્ટન હવે હુઆંગની બદલે ટોપ 10 ધનિકોની યાદીમાં સમાવેશ થયો છે. વોલ્ટનની કુલ સંપત્તિ 155 બિલિયન ડોલરની થઇ છે.

આ વર્ષે વિશ્વના પ્રથમ ટ્રિલિયોનર બનેલા ઈલોન મસ્કને હવે 800 બિલિયન ડોલરથી ઓછું નુકશાન થયું છે. તેમની કુલ સંપત્તિ હાલમાં 785 બિલિયન ડોલર છે. ઈલોન મસ્કની સંપત્તિનો નોંધપાત્ર હિસ્સો ટેસ્લા અને સ્પેસએક્સના શેરમાંથી આવે છે. અમેરિકાના બજારોના ઘટાડાના કારણો પૈકી મુખ્ય કારણમાં યુએસ કોંગ્રેસના બંને ગૃહોમાં ડેમોક્રેટિક પાર્ટીનું વર્ચસ્વ છે.

એસટીટી અને એલટીસીજીમાં રોકાણકારોને રાહત મળવાની સંભાવના

સરકાર ગંભીરતાની વિચારી રહી છે, પણ બજેટ પહેલા રાહત મળવાની સંભાવના દેખાતી નથી

નવી દિલ્હી, તા. 6: કેન્દ્ર સરકાર શેરબજારના રોકાણકારોને ટેક્સ રાહત આપવા માટે પેકેજ પર વિચાર કરી રહી છે. પણ આ રાહતનો લાભ બજેટ પહેલા રોકાણકારોને મળે તેવી શક્યતા ઓછી છે. એટલે કે હજુય રોકાણકારોએ વેઇટ એન્ડ વોચ કરવું પડશે. આ સંદર્ભમાં નાણા મંત્રાલય વિવિધ પક્ષો તરફથી સૂચનો મેળવી રહ્યા છે અને આ અંગે નિર્ણય લેવાયો નથી, જે વિચારાધીન છે. દરખાસ્તનું અંતિમ સ્વરૂપ આપવાનું બાકી છે.

કરવેરાના નિયમોમાં એકરૂપતા પર ધ્યાન કેન્દ્રિત કરશે, જમાં વિવિધ એસેટ કલાસ વચ્ચે કર ગેપ ઘટાડવા અને બીજું શેરબજારમાં વિવિધ પ્રકારના રોકાણકારો પર વસુલવામા આવતા ટેક્સમાં હાલની અસમાનતાને દૂર કરવી. જેનાથી શેરબજારના સેન્ટિમેન્ટ ઉપર હકારાત્મક અસર પડશે.

નાણાં મંત્રાલયને મળેલા સૂચનોમાં પ્રમોટરો અને રિટેલ રોકાણકારો માટે વિવિધ કર દર નક્કી કરવાની દરખાસ્ત શામેલ છે. આ સિવાય વિદેશી પ્રમોટર્સ અને વિદેશી રોકાણકારો માટે અલગ ટેક્સ રેજિમ બનાવવાનું પણ સૂચન કરવામાં આવ્યું છે. તેનો હેતુ શેરના રોકાણકારોની વિવિધ કેટેગરીની કર સારવારને સંતુલિત કરવાનો છે. જોકે, સરકારે હજુ સુધી આ સૂચનો પર અંતિમ નિર્ણય લીધો નથી.

શેરબજારમાં ટ્રાન્ઝેકશન પર વસૂલવામાં આવતા સિક્યોરિટીઝ ટ્રાન્ઝેકશન ટેક્સ (એસટીટી)ના હાલના દરોમાં ફેરફાર કરવાનું પણ સૂચન કરવામાં આવ્યું છે.

વોલસ્ટ્રીટમાં કડાકાથી 3 ટ્રિલિયન ડોલરનું ધોવાણ, એશિયન બજારો પણ હચમચ્યા

અમેરિકન બજારમાં એઆઇ શેરો તૂટતા 285 લાખ કરોડ સ્વાહા, કોરિયા-જાપાનમાં ભારે હાહાકાર

નવી દિલ્હી, તા. 6: અમેરિકન શેરબજારમાં ભારે કડાકો બોલાયો હતો. અમેરિકામાં ડેમોક્રેટિક પાર્ટીની શાનદાર જીત બાદ શરૂઆતમાં બજારમાં ઉત્સાહ જોવા મળ્યો હતો, પરંતુ આ ખુશી લાંબો સમય ટકી શકે નહીં. ટ્રેડિંગ સેશનમાં વોલસ્ટ્રીટ પર ભારે વેચવાલી જોવા મળી હતી અને ટેકનોલોજી શેરોમાં આવેલા કડાકાએ સમગ્ર બજારને લાલ નિશાનમાં ધકેલી દીધું. અમેરિકાના શેરબજારમાંથી એક જ દિવસમાં અંદાજે 3 ટ્રિલિયન ડોલર એટલે કે આશરે રૂ. 285 લાખ કરોડની માર્કેટ વેલ્યુનું ધોવાણ થયું છે. ખાસ કરીને એઆઇ સંબંધિત શેરોમાં ધોવાણ થયું હતું. અમેરિકાના ધોવાણની પાછળ એશિયાના બજારમાં ઉથલપાથલ જોવા મળી રહી છે. જેની સામે ભારતીય શેરબજારમાં શરૂઆત નરમ રહી હતી, પણ રીકવર થઇને પોઝિટિવ આગળ વધી રહ્યું છે. એશિયાના બજારોમાં દક્ષિણ કોરિયાના કોસ્પી ઈન્ડેકસમાં 8 ટકાથી વધુનો કડાકો બોલાયો હતો. જાપાનનો નીક્કી 5 ટકાથી વધુ ઘટ્યો હતો. એઆઇ અને સેમિકન્ડકટર કંપનીઓના શેરોમાં ભારે વેચાણના કારણે એશિયન બજારોમાં હોબાળો મચી ગયો છે. કોસ્પી 8.8 ટકા સુધી ઘટ્યો હતો, જે 5000 પોઇન્ટના મનોવૈજ્ઞાનિક સ્તરથી નીચે આવી ગયો હતો.

સંવત ૨૦૮૨માં આઇપીઓ થકી બે લાખ ટ્રિલિયન રૂ. કરતા વધુ રકમ ઉભી કરાઇ

આ રકમ પોતે એક વિક્રમ છે, ભારતનો સૌથી મોટો જીઓનો આઇપીઓ પણ આ જ વર્ષમાં આવ્યો

મુંબઇ, તા. ૬: ભારતના મેઈનબોર્ડ IPO બજાર સંવત ૨૦૮૨ દરમિયાન એક નવી ઊંચાઈએ પહોંચ્યું હતું, જેમાં નવેમ્બર ૨૦૨૫થી ઓક્ટોબર ૨૦૨૬ના ગાળામાં ભંડોળ એકત્ર કરવાનો આંકડો રૂ. ૨.૧૨ ટ્રિલિયન(૨.૧૨ લાખ કરોડ રૂપિયા)ના સ્તરે પહોંચી ગયો હતો. 'પ્રાઇમ ડેટાબેઝ' અનુસાર, આ સમયગાળા દરમિયાન એકત્ર કરાયેલી રકમ અન્ય કોઈપણ સરખામણી કરવા યોગ્ય ૧૨ મહિનાના ગાળા કરતાં વધુ હતી.

વિશેષરૂપે, સંવત ૨૦૮૨માં બે મેગા IPO જોવા મળ્યા હતા, જેમાં જીઓ પ્લેટફોર્મ્સ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા(એનએસઇ) સમાવિષ્ટ છે. જ્યારે NSEનો ૨૨,૫૯૧.૫૭ કરોડનો ઈશ્યૂ ભારતનો બીજો સૌથી મોટો IPO બન્યો હતો, ત્યારે જિયો ૩૦,૨૧૩ કરોડના ઈશ્યૂ સાથે દેશના ઈતિહાસનો સૌથી મોટો IPO બન્યો હતો. બોનાન્ઝાના સીનિયર રિસર્ચ એનાલિસ્ટ અભિનવ તિવારીના જણાવ્યા અનુસાર, સમીક્ષા હેઠળના ગાળા દરમિયાન ભંડોળ એકત્ર કરવામાં સ્થાનિક રોકડ પ્રવાહ મુખ્ય પરિબળ રહ્યું હતું. સંવત ૨૦૮૨ દરમિયાન (૨૧ ઓક્ટોબર, ૨૦૨૫થી ૪ નવેમ્બર, ૨૦૨૬ સુધી, જે સમયગાળાના ડેટા ઉપલબ્ધ છે), મેઈનબોર્ડ IPO બજારમાં ૧૨૯ ઈશ્યૂ આવ્યા હતા.

નીચે જણાવેલ સ્થાવર મિલકતોની વિગત

અ. નં.	કરજદાર / જામીનદાર અને શાખા નું નામ	૧૩(૨)નોટીસની તારીખ અને રકમ	સ્થાવર મિલકતોની વિગત	પઝેશનની તારીખ અને પ્રકાર	અનામત કિંમત રૂા./ ઈએમડી રૂા./ બીડ ગુણાંકમાં રૂા	અધિકૃત અધિકારીનું નામ અને શાખાનું સંપર્ક નં.
૩૮.	મે. રમીલા ક્રિએશનના પ્રોપ. ધવલ દીપકભાઈ શાહ (વરાછા શાખા)	રૂા. ૧૯,૬૩,૪૩૯.૮૬ તા. ૧૪.૧૨.૨૦૨૧ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે	જે મિલકતનો દુકાન નં. ૦૨, ક્ષેત્રફળ ૮૧.૦૦ સ્કે. ફીટ, જે અપર ગ્રાઉન્ડ ફ્લોર, નિર્માણ એપાર્ટમેન્ટ, શ્રી ખંભાતી ખટરીયા પંચ વાડી સામે, રૂસ્તમપુરા મેઈન રોડ, રૂસ્તમપુરા, સુરત-૩૯૫૦૦૨ ખાતે આવેલ સ્થાવર મિલકત. ● ચતુરસીમા : ● પુર્વે : દુકાન નં. ૦૧, ● પશ્ચિમે : દુકાન નં. ૦૩, ● ઉત્તરે : એન્ટ્રી અને પેસેજ, ● દક્ષિણે : મિલકત થી લાગુ	૨૮.૦૬.૨૦૨૫ પ્રત્યક્ષ કબજો	રૂા. ૭,૬૫,૦૦૦/- રૂા. ૭૬,૫૦૦/- રૂા. ૧૦,૦૦૦/-	ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮
૩૯.	મે. ભુમી ફેશનના પ્રોપ. મિથુલ દીપકભાઈ શાહ (વરાછા શાખા)	રૂા. ૧૯,૮૧,૫૭૮.૦૬ તા. ૧૪.૧૨.૨૦૨૧ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે	જે મિલકતનો દુકાન નં. ૦૧, ક્ષેત્રફળ ૯૫.૦૦ સ્કે. ફીટ, જે અપર ગ્રાઉન્ડ ફ્લોર, નિર્માણ એપાર્ટમેન્ટ, શ્રી ખંભાતી ખટરીયા પંચ વાડી સામે, રૂસ્તમપુરા મેઈન રોડ, રૂસ્તમપુરા, સુરત-૩૯૫૦૦૨ ખાતે આવેલ સ્થાવર મિલકત. ● ચતુરસીમા : ● પુર્વે : રૂસ્તમપુરા મેઈન રોડ, ● પશ્ચિમે : દુકાન નં. ૦૧, ● ઉત્તરે : એન્ટ્રી અને પેસેજ, ● દક્ષિણે : મિલકત થી લાગુ	૨૮.૦૬.૨૦૨૫ પ્રત્યક્ષ કબજો	રૂા. ૭,૩૫,૦૦૦/- રૂા. ૭૩,૫૦૦/- રૂા. ૧૦,૦૦૦/-	ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮
૪૦.	શ્રી ઉમેશ શેષરાવ તાયડે, પુનમ ઉમેશ તાયડે (વાવ શાખા)	રૂા. ૧૦,૨૬,૪૭૭.૧૫ તા. ૦૩.૦૬.૨૦૨૫ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે	જે મિલકતનો પ્લોટ નં. ૯૯, આર.એસ. નં. ૬/એ અને બ્લોક નં. ૭/એ, ક્ષેત્રફળ ૪૪.૩૧ સ્કે.મીટર, જે માધવ પાર્ક, પ્લોટ નં. ૯૯, જય અંબે રેસિડેન્સીની પાસે, ટુંડી-ગંગાધરા રોડ, મોજે-ટુંડી, તાલુકા-પલસાણા, જિ. સુરત-૩૯૪૩૧૦ ખાતે આવેલ સ્થાવર મિલકત. ● ચતુરસીમા : ● પુર્વે : એન્ટ્રી અને ઈન્ટરનલ રોડ, ● પશ્ચિમે : બ્લોક થી લાગુ, ● ઉત્તરે : પ્લોટ નં. ૯૮ થી લાગુ, ● દક્ષિણે : પ્લોટ નં. ૧૦૦ થી લાગુ	૧૫.૦૨.૨૦૨૬ પ્રત્યક્ષ કબજો	રૂા. ૮,૩૦,૦૦૦/- રૂા. ૮૩,૦૦૦/- રૂા. ૧૦,૦૦૦/-	ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮
૪૧.	શ્રીમતી સપના દિપક પવાર, દિપક મધુ પવાર (વાવ શાખા)	રૂા. ૧૧,૦૦,૦૦૦/- તા. ૨૬.૦૬.૨૦૨૫ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે	જે મિલકતનો પ્લોટ નં. ૫૭, આર.એસ. નં. ૦૨ અને બ્લોક નં. ૦૩, ક્ષેત્રફળ ૪૭.૬૦ સ્કે.મીટર, જે સ્થિત શિવાલય રેસિડેન્સી, જય અંબે રેસિડેન્સી પાસે, બાલેશ્વર-ટુંડી રોડ, મોજે-ટુંડી, તાલુકા-પલસાણા, જિ. સુરત-૩૯૪૩૧૦ ખાતે આવેલ સ્થાવર મિલકત. ● ચતુરસીમા : ● પુર્વે : એન્ટ્રી અને ઈન્ટરનલ રોડ, ● પશ્ચિમે : બ્લોક નં. ૫૫ લાગુ, ● ઉત્તરે : પ્લોટ નં. ૫૮ થી લાગુ, ● દક્ષિણે : પ્લોટ નં. ૫૬ થી લાગુ	૦૨.૦૮.૨૦૨૬ પ્રત્યક્ષ કબજો	રૂા. ૭,૯૦,૦૦૦/- રૂા. ૭૯,૦૦૦/- રૂા. ૧૦,૦૦૦/-	ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮
૪૨.	મે. સીતારામ એન્ટરપ્રાઇઝ લાલજી મનસુખભાઈ સંગાણી (ડુંભાલ શાખા)	રૂા. ૮૦,૦૦,૧૬૪/- તા. ૩૧.૦૫.૨૦૨૭ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે	જે મિલકતનો ઓફિસ નં. ૧૦૧, પહેલો માળ, યોગી પ્લાઝા, પ્લોટ નં. ડી/૧૯, યોગી નગર વિભાગ-ડી, સિલ્વર બિઝનેસ હબની પાસે, બાપા સિતારામ રો-હાઉસની સામે, પુણા-સિમાડા રોડ, આર.એસ. નં. ૨૭૩, ૨૭૪, ૨૮૦ પૈકી, બ્લોક નં. ૩૦૬, ૩૦૭, ટીપીએસ નં. ૬૮ (પુણા-સિમાડા), એફ.પી. નં. ૧૦૭, ૧૦૮, પુણા, તાલુકા-ચોર્યાસી, જિ. સુરત- ૩૯૫૦૦૬ ખાતે આવેલ સ્થાવર મિલકત. ● ચતુરસીમા : ● પુર્વે : રોડ, ● પશ્ચિમે : પ્લોટ નં. ડી/૨૦, ● ઉત્તરે : રોડ, ● દક્ષિણે : પ્લોટ નં. ડી/૧૮.	૦૮.૦૩.૨૦૧૭ પ્રત્યક્ષ કબજો	રૂા. ૨૦,૫૩,૦૦૦/- રૂા. ૨,૦૫,૩૦૦/- રૂા. ૧૦,૦૦૦/-	ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮

નિરીક્ષણની તારીખ અને સમય : તા. ૧૭.૧૧.૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૩.૦૦ કલાકે

ઈ-હરાજીની તારીખ અને સમય : ૨૫.૧૧.૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૪.૦૦ કલાકે

(બંધ કરતા પહેલા ૧૦ મિનિટનું ઓટો એક્સ્ટેન્શન સાથે)

- મિલકત પરના કરભાણની બેંકને ખબર હોય તેવી વિગત : ખબર નથી.
- ઈ-હરાજી વેચાણમાં ભાગ લેવા માટે, ઈચ્છુક બીડરોએ પોતાની વિગતો સર્વિસ પ્રોવાઇડર : https://baanknet.com ને વહેલી તકે રજીસ્ટર કરાવી યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી લેવા. બીડરો https://baanknet.com ની મુલાકાત લે જ્યાં બીડરો માટે શૈક્ષણિક વિડયો સાથે ગાઈડલાઈન્સ ઉપલબ્ધ છે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે મહેરબાની કરીને બેંકની વેબસાઈટ : www.centralbankofindia.co.in પર આપેલ લિંક જુઓ.
- વધુ જાણકારી માટે -સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, રીજનલ ઓફિસ, સુરત, શ્રી ગુંજન ગટાણી (ચીફ મેનેજર) મો. :+૯૧- ૮૨૩૯૪૫૨૫૪૮નો સંપર્ક કરી શકશો.
- વેચાણની શરતો અને નિયમો સિક્યોરીટી ઈન્ટરેસ્ટ નિયમો (એન્ફોર્સમેન્ટ), નિયમો ૨૦૦૨ની જોગવાઈઓ મુજબની જ રહેશે.

સરફેસી કાયદા ૮(૬), ૨૦૦૨ અંતર્ગત ૧૫ દિવસની નોટીસ

સુરક્ષિત લેણદારોની બાકી રકમની વસૂલાત તરફથી સ્થાવર મિલકતોના વેચાણ માટે ઉધારકર્તા/જામીનદારો/ ગિરવેદારોને સૂચિત કરવામાં આવે છે.

સહી/- અધિકૃત અધિકારી, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા

તારીખ : ૦૬.૧૧.૨૦૨૬
સ્થળ : સુરત

(વિવાદીત સ્થિતી માં અંગ્રેજી માન્ય ગણાશે.)